ગાંધીનગર સમાચાર

સિવિલમાં ટોર્ચના સહારે દર્દીનું સફળ ઓપરેશન

# મીના બજારની કેબીનોના તાળા તુટયાં

## ચાર કેબીનોના તાળા તોડી રેડીમેડ કપડા, ચાદરો, બ્લેન્કેટ, પડદા, સિગારેટના પેકેટસ અને બેલ્ટ-શુઝની ઉઠાંતરી : તસ્કરોએ વાપરેલુ વાંદરી પાનું મળ્યું

ગાંધીનગર, તા.૪

શહેરના જુના સચિવાલય પાસે સ્થિત મીના બજારમાં ગઈ રાત્રી દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. તસ્કરોએ રોકડના બદલે સિગારેટના પેકેટસ, બેલ્ટ-શુઝ, પડદા, બ્લેન્કેટ અને કપડા સહિતની ચીજવસ્તુઓની ઉઠાંતરી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. સવારે પાથરણા પાથરીને વેપાર કરતા વેપારીઓ રાત્રે તેમનો સામાન કેબીનમાં મુકીને તાળુ મારીને ઘરે જતાં હોય છે આવી ચાર કેબીનોના તાળા તોડી આશરે રૂ. ૪૭ હજારના સામાનની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાની ઘટના ધ્યાને આવી છે.

મીન બજારમાં પાથરણા પાથરીને વેપાર કરતા મોટા ભાગના વેપારીઓ રાત્રે પોતાના માલસામાનને કેબીનમાં મુકીને તેને તાળુ મારી ઘરે જતા હોય છે. ગઈ રાત્રે આવી કેબીનોને તસ્કરોએ ટાર્ગેટ બનાવી હતી. બેલ્ટ-શુઝની કેબીન ધરાવતા યોગેન્દ્રભાઈ પ્રહલાદભાઈ દવેની કેબીનનું તાળુ તોડી તસ્કરો બેલ્ટ અને શુઝ ચોરી ગયા હતા. તેની સામેની વિજયભાઈ પરમારની કેબીનનું તાળુ તોડીને રેડીમેડ કપડા ચોરી કર્યા હતા. તે ઉપરાંત નરસિંહભાઈ ઠાકોરની કેબીનનું તાળુ તોડીને ચાદર, બ્લેન્કેટ, પડદાની ઉઠાંતરી કરી નજીકમાં આવેલો કિરીટભાઈ વાઘેલાના પાન-બીડીના ગલ્લાનું તાળુ તોડી અંદરથી સિગારેટ-બીડીના પેકેટસ ચોરી કરી ગયા હતા. ચાર કેબીનોના તાળા તોડીને રૂ. ૪ હજારની કિંમતનો માલસામાન ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. વેપારીઓની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી ડોગસ્કવોર્ડની મદદ લઈ વધુ તપાસ શરુ કરી છે. પાનના ગલ્લેથી તાળા તોડવા વપરાયેલુ વાંદરી પાનું મળતા પોલીસે કબ્જે લીધું છે.







## @ગાંધીનગર

- સે-૫-સી ખાતે આયોજીત શિવકથામાં બપોરે ૨ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.
- સે-૩-સી ખાતે શ્રીમદ ભાગવત કથા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.
- હરસિધ્ધ સિધ્ધી પીઠ સે-૩-ડી ખાતે આયોજીત શ્રીમદ ભાગવત કથામાં સુદામા ચરિત્ર તથા પરિક્ષીત મોક્ષ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન યોજાશે.



ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા સેકટર-૭ સ્થિત સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પર્યાવરણથી માહિતગાર કરવાના ઉદ્દેશથી પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પલ્લવીબેન ગુપ્તે દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓને 'પર્યાવરણ બચાવો' વિષય પર સુંદર માહિતી આપવામાં આવી હતી. ભૂતપૂર્વ પ્રમુખ શોભાબેન શાહ તરફથી બાળાઓને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ દેવલબેન જોષી, પૂર્વ પ્રમુખ ઉષાબેન ગજ્જર, શોભાબેન શાહ, સેક્રેટરી મિત્તલ રાણા, ટ્રેઝરર પ્રજ્ઞાબેન ગજ્જર, નીતા રાણા તથા ચારુબેન ટાંકે હાજર રહી સહયોગ પુરો પાડયો હતો. જયારે આ પ્રસંગે શાળાની શિક્ષિકા બહેનોને સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો.

# સેકટર-૩ સ્થિત એસ.એસ.વી. કેમ્પસનો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૪

સેકટર-૩ ખાતે આવેલી એસ.એસ.વી. કેમ્પસના બાળકોના વાર્ષિક રમતોત્સવનું આયોજન તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ કરાયું હતું. જેમાં સાંગીક રમતો, રિલે રમતો, સાદી રમતો, સાથે સાથે કબડ્ડી, ખો-ખો, ક્રિકેટ, વોલીબોલ જેવી રમતોને આવરી લેવામાં આવી હતી. રમતોત્સવમાં નાના મોટા બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની આંતરિક, શારિરીક અને માનસિક શકિતઓને પ્રદર્શિત કરી હતી. આ રમતોત્સવમાં બાળકોએ વિવિધ રમતો રમીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન હાંસલ કર્યું હતું.

રમતોત્સવની શરૂઆત પ્રાર્થના ગાન તેમજ દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. આતશ જયોતનું સ્વાગત કરી મુખ્ય મહેમાનશ્રીઓને શાલ તેમજ બુકે અર્પણ કરાયા હતા. આ રમતોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારી નરેશભાઈ ચૌધરી, મહાદેવભાઈ શારિરીક શિક્ષણ સંકુલ સાદરાના ડાયરેકટર જમનાદાસભાઈ સાવલિયા, રણજીત ટ્રોફી ખેલાડી કિશોરભાઈ ત્રિવેદી તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મહેમાન નરેશભાઈ ચૌધરી, જમનાદાસભાઈ સાવલિયાએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. વિવિધ સ્પર્ધા અંગેનું નિવેદન સંસ્થાના વ્યાયામ શિક્ષક વિક્રમભાઈએ કર્યું હતું. મહેમાનશ્રીઓ દ્વારા ઉદઘાટનની ઘોષણા સાથે આતશબાજી તેમજ શાંતિ દૂત કબૂતર અને ફુગ્ગા હવામાં ઉડાડીને સ્પર્ધાને ખુલ્લી જાહેર કરવામાં આવી હતી. દરેક વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી, ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ મેડલ તેમજ સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રિન્સીપાલ યોગેશભાઈએ આભાર વ્યકત કર્યો હતો.

# ચોરીના બાઈક સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એલસીબીની ટીમ પેથાપુર-ગાંધીનગર રોડ પર પેટ્રોલીંગમાં હતી ત્યારે એક યુવાન શખ્સ શંકાસ્પદ હાલતમાં સ્પ્લેન્ડર બાઈક લઈને ઉભેલો મળ્યો હતો. તેને પકડીને પુછપરછ કરતાં બાઈકના દસ્તાવેજો વિશે સંતોષકારક જવાબ આપી શકયો ન હતો. બાઈક નંબરને આધારે તપાસ કરતાં આ બાઈક ચોરી થયેલી હોવાનું સાંતેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલું હોવાની વિગત ખુલી હતી. ગાંધીનગર એલસીબીની ટીમે ચોરીનું બાઈક રીકવર કરી તે શખ્સની ધરપકડ કરી લઈ ઊંડી પુછપરછ શરુ કરી છે.



ગાંધીનગર એલસીબી પીઆઈ પરાગ ચૌહાણની સુચનાથી પીએસઆઈ કૃણાલ પટેલ તથા ટીમ સઘન પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહને બાતમી મળી હતી કે પેથાપુર ચોકડીથી ગાંધીનગર તરફ જતા રોડ પર એક શખ્સ સ્પ્લેન્ડર બાઈક નં. જીજે ૧૮ એ.કયુ. ૭૨૦૦ લઈને શંકાસ્પદ હાલતમાં ઉભો છે તેને પકડીને એલસીબી કચેરીએ લાવી બાઈકનાં દસ્તાવેજો બાબતે પુછતા જવાબ આપી શકયો ન હતો. બાઈકની તપાસ કરતાં આ બાઈક સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી થયું હોવાનું જાણવા મળતા એલસીબીની ટીમે બાઈક રીકવર કરી લઈને પેથાપુર તરપોજવાસમાં રહેતા તે શંકાસ્પદ યુવાન તાહીર અહેમદ પઠાણની ધરપકડ કરી ચોરીનું બાઈક તેની પાસે કેવી રીતે આવ્યું તે સંદર્ભે ઉંડી પુછપરછ શરુ કરી છે.

## પ્રેરણા પ્રગતિ મંડળના નવા હોદ્દેદારોની વરણી

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ (ગુજરાત નાયી વાળંદ સમાજ) ગાંધીનગરના ટ્રસ્ટી મંડળના હોદ્દેદારોની બે વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮ના સમયગાળા માટે નિમણુંક કરવામાં આવેલ છે. પ્રમુખ-આત્મારામભાઈ મોહનભાઈ વાળંદ, ઉપપ્રમુખ-રામભાઈ આર. નાયી, રમેશચંદ્ર નાનાલાલ વાળંદ, મેનેજીંગ ટ્રસ્ટી-ભોગીભાઈ મોહનભાઈ પારેખ, મંત્રી-પ્રવિણભાઈ કનુભાઈ નાયી-સહમંત્રી-મયુરધ્વન કાળીદાસ લિમ્બાચીયા, સંગઠન મંત્રી-બળવંતભાઈ મોહનલાલ વાળંદ જયારે ઓડીટર તરીકે ભરતભાઈ માણેકલાલ સુર્યાવાલાની વરણી કરવામાં આવી છે.

# એલડીઆરપી બોયઝ હોસ્ટેલ ખાતે વેલકમ-૨૦૧૭ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત, એલડીઆરપી-હાયર એજયુકેશન બોયઝ હોસ્ટેલ ખાતે નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે વેલકમ-૨૦૧૭ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના જાણીતા યોગાચાર્ય, ઉદ્યોગપતિ અને મોટીવેશનલ ટ્રેનર એવા જે.સી. પટેલ હાજર રહ્યા હતા.

નવા વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓ સારા સ્વાસ્થ્ય, સારા શિક્ષણ અને સારા સંસ્કારો થકી જીવન સુખમય, પ્રસન્નમય અને ખુશી પૂર્વક જીવી શકે અને પશ્ચિમી સંસ્કૃતિની ખોટી ઉજવણીથી દુર રહે એની સમજ આપવાનાં હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાત કરતા તેમણે જણાવ્યું હતું કે માનવશરીર એ ઈશ્વર દ્વારા મનુષ્યને આપવામાં આવેલી સર્વોત્તમ ભેટ છે જેનું જતન અને કાળજી લેવાની દરેકની ફરજ છે. સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે દરરોજ વ્યાયામ, યોગ અને પ્રાણાયામ કરવાની સલાહ આપી હતી. એકાગ્રતા વધારી અભ્યાસમાં સારા ગુણ કેવી રીતે મેળવી શકાય એના માટે માઈન્ડ પાવર ગેમ રમાડી હતી. દરેકના જીવનમાં માતા પિતા, ગુરૂ અને મિત્રોના યોગદાનની સમજ આપી હતી અને આવનાર નવા વર્ષમાં સમયનો સદુપયોગ કરી સારા સંસ્કારો અને શિક્ષણ થકી સમાજ ઉપયોગી થવા સંકલ્પ લેવડાવ્યા હતા સાથે સાથે વિદ્યાર્થીઓના જીવન ઉપયોગી તેમણે પોતાના જીવન પ્રસંગો પણ વર્ણવ્યા હતા.




સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન એલડીઆરપી હોસ્ટેલ વતી નિખીલભાઈ, કિંજલભાઈ અને અન્ય સ્ટાફ મિત્રો અને સર્વ નેતૃત્વના જીજ્ઞેશ ઠકકર અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જય અંબે પરિવાર દ્વારા ૧૨મીએ જગદંબા પ્રાગટય મહોત્સવ

ગાંધીનગર, તા.૪

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૨મી જાન્યુઆરીના રોજ મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકુટનું આયોજન સે-૧૩-બીના શકિત ચોકમાં કરવામાં આવેલ છે. જેમાં સવારે આઠ વાગે મા જગદંબા પૂજન પ્રારંભ નવ વાગે અન્નકુટ અર્પણ વિધિ, દશવાગે ભકિતવંદના, સાડા દશ વાગે થાળ-ગાન, મહાઆરતી ત્યારબાદ ભોજન પ્રસાદનો કાર્યક્રમ યોજાશે. સાથે સાથે રકતદાન શિબિર, ભકિતવંદના સમુહ સ્વાધ્યાય, આનંદનો ગરબો, આરતી, શૈક્ષણિક સન્માન પણ યોજાશે તેમ શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘનો સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૪

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ૨૦૧૭નો સ્નેહમિલન કાર્યક્રમ સે-૧૯ જીમખાના ખાતે તા. ૬-૧-૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૧૧ થી ૧ દરમિયાન રાખવામાં આવેલ છે. આ પ્રસંગે બેંક મેનેજર દ્વારા કેશલેસ સીસ્ટમની વિવિધાસભર માહિતી તેમજ બહેનો માટે રમતગમતનું આયોજન પણ કરવામાં આવ્યું છે તો બહેનોને મોટી સંખ્યામાં લાભ લેવા સંસ્થાના જિલ્લા પ્રમુખ શર્મિષ્ઠાબેને અનુરોધ કર્યો છે.

## ચ-૩ કોર્નરની ટપાલપેટી ૧૦ દિવસથી ખુલી ન હોવાની વસાહતીઓમાં શંકા!

ગાંધીનગર, તા.૪

સેકટર-૭ના ચ-૩ કોર્નર પાસે ટપાલપેટી મુકવામાં આવેલ છે. જે નિયમિત રીતે અનિયમિત ખુલે છે. પરંતુ છેલ્લા ૧૦ દિવસથી ખુલી ન હોવાથી શંકા દ્રઢ બનેલ છે કારણકે ટપાલપેટીના ઢાંકણાની તિરાડમાંથી સફેદ ટપાલો પડી રહેલી જણાય છે. જે કેટલાય વસાહતીઓએ સ્પષ્ટપણે જોયેલ છે તો પોસ્ટખાતુ સવેળા તપાસ કરી નિયમિત ટપાલપેટી ખોલે તેવી લોકલાગણી છે.

## સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા ૧૦૮ બટુકોની સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૪

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૫-૨-૨૦૧૭ને રવિવારના રોજ ૧૦૮ બટુકોની સમુહ યજ્ઞોપવિતનું આયોજન શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે કરવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન સેવા યોગદાન પેટે રૂ. ૫૦૦ રાખવામાં આવેલ છે. અન્ય કોઈ ખર્ચ રાખવામાં આવેલ નથી. બટુક દીઠ ૧૫ ભોજનપાસ વિના મુલ્યે આપવામાં આવશે. જયારે વધારાના પાસ ટોકન પેમેન્ટથી આપવામાં આવશે. કાર્યક્રમમાં વ્યવસ્થા જળવાય તે હેતુસર વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૧૦૮ બટુકોનું રજીસ્ટ્રેશન થશે. અત્યારે હાલ ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે રજીસ્ટ્રેશન શરુ થઈ ગયું છે. જયારે બટુકોનું નામ નોંધાવવા માટે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મહામંત્રી યજ્ઞેશભાઈ દવે, મંત્રી અશ્વિનભાઈ ત્રિવેદી અને અમદાવાદ પશ્ચિમના પ્રમુખ કુમુદભાઈ રાવલનો સંપર્ક કરવા જણાવાયું છે.



આનંદનગર વસાહત મંડળ સે-૨૭ અને સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા રસોઈ શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં ખાના-ખજાના સિઝન-૨ના વિજેતા ગીતા ખુમાન દ્વારા વેજીટેબલ કેક કેવી રીતે તૈયાર થાય તે શીખવવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, જયોતિ મહિલા મંડળના લતાબેન ચોકસી સહિત મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી.

# સિવિલમાં ટોર્ચના સહારે દર્દીનું સફળ ઓપરેશન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં એક અજીબો ગરીબ કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં સગર્ભા મહિલાનું ઓપરેશન થિયેટરમાં ઓપરેશન ચાલી રહ્યું હતું. તે સમયે જ હોસ્પિટલ સંકુલની લાઈટ જતી રહી હતી. ત્યારે ચાલુ ઓપરેશને ડોકટર વિચલિત થયા વિના પોતાની સુઝબુઝ, આવડત અને અનુભવથી ટોર્ચ ના સહારે લાઈટ ન આવી ત્યાં સુધી ઓપરેશનમાં કોઈ અડચણ ઉભી થવા દીધી ન હતી. જયાર વાયરમેનને અનેકવાર ફોન કરવા છતા હાથમાં ન આવતા તાત્કાલીક સિકયુરીટી ગાર્ડને દોડાવી વાયરમેનને બોલાવ્યો હતો અને લાઈટ શરૂ કરી હતી. ત્યારે હોસ્પિટલમાં હાજર દર્દીના સગાના જીવ પડીકે બંધાઈ ગયા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને આઠ માળની ઈમારત તૈયાર કરીને કરોડો રૂપીયાનો ખર્ચ કરીને સંકુલને આધુનિકતાનો ટચ આપવામાં આવ્યો છે. દર્દીઓને આરોગ્યની દૃષ્ટિએ કોઈ કચાશ ન રહી જાય તે માટે તંત્ર દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાંથી મોટી સંખ્યામાં સગર્ભા મહિલા દર્દીઓ પ્રસુતિ માટે સિવિલ હોસ્પિટલને પસંદ કરે છે ત્યારે ગાયનેક વિભાગમાં જ તાજેતરમાં એક કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં જિલ્લામાંથી સગર્ભા દર્દી ઓપરેશન માટે દાખલ થયું હતું. પ્રસુતાની પીડા ઉપડતા તાત્કાલીક ગાંધીનગર લાવ્યા હતા. જયારે સગર્ભા મહિલાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન અચાનક ફોલ્ટ સર્જાતા લાઈટ જતી રહી હતી. તેવા સમયે તજજ્ઞ અને હોંશિયાર ડોકટરે સહેજ પણ વિચલિત થયા વિના ટોર્ચના સહારે લાઈટ ના આવી ત્યાં સુધી ઓપરેશનમાં કોઈ અડચણ ઉભી થવા દીધી ન હોતી. જયારે ચાલુ ઓપરેશનને અચાનક લાઈટ ડુલ થતા દર્દીના સગાનો જીવ પડીકે બંધાઈ ગયો હતો. જો કે ઓપરેશન તંત્ર દ્વારા તાત્કાલીક સિકયુરીટી ગાર્ડ મોકલીનો વાયરમેનને બોલાવ્યો હતો અને લાઈટ શરૂ કરાવી હતી.

## અવસાન નોંધ

ગાંધીનગરના શહેરના સેકટર-૨૪, પ્લોટ નં. ૩૬૪, ડબલડેકર સાંઈબાબા મંદિર સામે રહેતા સ્વ. ભાવસાર ભગવતીબેન નટવરલાલ (અંબિકા મંડપ ડેકોરેટર્સવાળા)નું સંવત ૨૦૭૩ના માગશર વદ અમાસને તા. ૩૦-૧૨-૨૦૧૬ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૫-૧-૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન તેઓના નિવાસ્થાન સે-૨૪ ખાતે રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. શનાજી ભૂલાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. રામાભાઈ ખુમાભાઈ દેસાઈ, ઉ.વ. ૯૫
- સ્વ. શકીબેન ધનજીભાઈ મકવાણા, ઉ.વ. ૭૬